અપીલ અરજી નં.૧૭૩ તા.૪–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સરવર હુસેન ગુલામ મોહંમદ નગદ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સરવર હુસેન ગુલામ મોહંમદ નગદનીતા.૨૩–૬–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં.૪૦૯૩,૪૦૯૪ વાળી મિલ્કતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામની માહિતી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૪–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૭૩/૨૦૦૯–૧૦

શ્રી સરવર હુસેન ગુલામ મોહંમદ નગદની તા.૨૩–૬–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં.૪૦૯૩,૪૦૯૪ વાળી મિલ્કતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામની માહિતી બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/૪૩૮ તા.૯–૭–૦૯થી આપેલ માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૮ તા.૧૦–૯–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીની નકલ તથા અરજી ફી ભર્યાની પહોંચ અને સબંધિત જાહેર માહિતી અધિકારીના નામ સહિત નિયત નમુના 'જ' ભરીને મોકલી આપવાપત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ વિગતો મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આ.નં.૮૬૦ તા.૨૪–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી તથા ફી ભર્યાની વિગત તથા અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૩૮ તા.૯–૭–૦૯ ના પત્રની નકલ, તથા નોંધ વિભાગ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨૩–૬–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં.૪૦૯૩,૪૦૯૪ વાળી મિલ્કતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/૪૩૮ તા.૯–૭–૦૯થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં સદર મિલ્કતમાં પ્લાન મંજુરી અંગેની કે ગેરકાયદેસર બાંધકામની વિગતો ઉપલબ્ધ રેકર્ડ જોતાં મળી આવેલ નથી. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૪–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરી તદ્દન ખોટી માહિતી આપવામાં આવેલ છે તેવી રજૂઆત કરેલ છે પરંતુ તે અંગે વાજબીપણાના આધાર અપીલ તબકકે રજૂ કરેલ નથી. તેમજ અરજદારે મિલકતની રૂબરૂ મુલાકાત લઈ માહિતી આપવાનો આગ્રહ રાખેલ છે. અને ખોટી માહિતી આપી હોવાની રજૂઆત કરી શિક્ષાત્મક પગલા લેવાની રજૂઆત કરી સાચી માહિતી આપવાની રજૂઆત કરેલ છે. આમ અરજદારને આરટીઆઈ એકટના કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ જાહેર સત્તામંડળ પાસે ની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે મુજબ અરજદારને માહિતી આપવામાં આવેલ છે. અરજદારનો સ્થળ તપાસ કરીને માહિતી મેળવવાનો આગ્રહ આરટીઆઈ એકટની જોગવાઈ મુજબ સુસંગત નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે જેથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. તેમ છતાં કાયદાના આમુખથી વ્યકત થયેલ જાહેર સત્તા મંડળમાં પારદર્શીતા જળવવાની ભાવનાને અનુલક્ષી અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ કાયદાની કલમ–૭ સાથે નિયમ–૫ હેઠળ ઠરાવેલ ફી ભરપાઈ કરી લાગત રેકર્ડનું કચેરીના કામ કાજ ના સમય દરમ્યાન દિન–૭ માં ઈન્સ્પેકશન મેળવી શકે છે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયેથી તદનુસાર અમલવારી કરવા તથા તેની જાણ અત્રેના વિભાગને કરવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ.)***

***અને એપેલેટ ઓફિસર***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન).... જાણ તથા અમલ માટે.

(૨) શ્રી સરવર હુસેન ગુલામ મોહંમદ નગદ